ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧(૯) ૦૪
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વડી કચેરી,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૦૮-૦૨-૨૦૧૦.

:-: પ રિ પ ત્ર :-:

વિષય:- નિગમની વસાહતોમાં વાણિજ્ય પ્લોટ / મિલ્કત ધરાવતા ફાળવણીદારોને રહેણાંકના પ્લોટની ફાળવણી કરવા બાબત.

સંદર્ભ:- (૧) નિગમના નીતિ વિષયક પરિપત્ર નં. ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/૭-૯ તા.૦૪-૦૨-૧૯૯૯.
(૨) નિગમના નીતિ વિષયક પરિપત્ર નં. ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/૨૭ -૨૦૦૦ તા.૦૮-૦૮-૨૦૦૦.

નિગમની જુદી જુદી વસાહતોમાં વાણિજ્ય પ્લોટ/મિલકત ધરાવતા ફાળવણીદારોને રહેણાંક પ્લોટની ફાળવણી કરવા માટેની પાત્રતા કેટલીક શરતોને આધિન સંદર્ભિત તા.૦૪-૦૨-૧૯૯૯ ના પરિપત્રથી અમલમા મુકવામાં આવેલ છે.

ત્યારબાદ, ફાળવણી મેળવવા માટે પાત્રતા ધરાવતા ફાળવણીદારોને રહેણાંક પ્લોટના વિસ્તારની મર્યાદા ૧૫૦ ચો.મી. હતી. તે દૂર કરી આવા વાણિજય પ્લોટ/મિલકત ધરાવતા ફાળવણીદારોને ઔદ્યોગિક પ્લોટ/શેડ ધરાવતા ફાળવણીદારોને સમકક્ષ ગણી રહેણાંકના પ્લોટની ફાળવણી કરવાનો નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/૨૭/ ૨૦૦૦ તા.૦૮-૦૮-૨૦૦૦ થી પરિપત્રિત કરવામાં આવેલ છે. સામાન્ય રીતે વસાહતના કદના ૫ ટકા જમીનમાં વાણિજય પ્લોટનું આયોજન નિગમ દ્વારા કરવામાં આવતું હોય છે. જેથી, વસાહતમાં વાણિજય પ્લોટ/મિલકત ધરાવતા ફાળવણીદારોને રહેણાંક પ્લોટની ફાળવણીની મર્યાદા નકકી કરવી જરૂરી જણાતા નિગમની ૪૪૬ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાંક.૧૦/વિતરણ/૪૪૬ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક.૮/વિતરણ/૪૪૬/૨૦૧૦ થી નિર્ણય કરવામાં આવેલ છે કે નિગમની વસાહતોમાં વાણિજય પ્લોટ / મિલકત ધરાવતા ફાળવણીદારોને જે તે વસાહતના ક્ષેત્રફળ (વિતરણ પાત્ર) વિસ્તારના જેટલા ટકા વાણિજય વિસ્તાર હોય, તે ઔદ્યોગિક વિસ્તારના રહેણાંક વિસ્તારના તેટલા ટકાની મર્યાદામાં રહેણાક પ્લોટની ફાળવણી કરવાની રહેશે.

આવી દરખાસ્તને મંજુરી આપવાની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે.

(પા છ વ)

આથી નિગમના તમામ વિતરણ અધિકારીઓને જણાવવામાં આવે છે કે આ સુચનાનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર(વિતરણ)ને પાઠવવી.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.

રવાના કર્યું.

મેનેજર(મ ડેકમ)